<table>
<tr><td rowspan="5">GJSK060002072016</td><td>દાખલ તારીખ</td><td>:–</td><td colspan="3">૦૮/૦૬/૨૦૧૬</td></tr>
<tr><td>રજીસ્ટર થયા તારીખ</td><td>:–</td><td colspan="3">૦૮/૦૬/૨૦૧૬</td></tr>
<tr><td>ફેસલ તારીખ</td><td>:–</td><td colspan="3">૨૫/૦૬/૨૦૨૬</td></tr>
<tr><td rowspan="2">સમયગાળો</td><td rowspan="2">:–</td><td>વર્ષ</td><td>માસ</td><td>દિવસ</td></tr>
<tr><td>૧૦</td><td>૦૦</td><td>૧૭</td></tr>
</table>

**–:: નમૂનો–અ ::–**

## મે.વિજયનગરના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.વિજયનગર, જિ.સાબરકાંઠા

## ચુકાદાની તા.૨૫/૦૬/૨૦૨૬

## ફોજદારી કેસ નં.૧૬૧/૨૦૧૬

**આંક:–**

### ગુન્હાની વિગત

| | |
|---|---|
| ગુન્હાની કલમ | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૪૯૮ (ક), ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ... |
| પ્રથમ માહિતી અહેવાલ નં. | ૦૦૫/૨૦૧૬ |
| પોલીસ સ્ટેશન | ચિઠોડા પોલીસ સ્ટેશન |
| ફરીયાદપક્ષ | શ્રી સરકાર<br>મૂળ ફરીયાદી:<br>**પ્રેમીલાબેન રજનીકાંતભાઇ બુવળ**<br>રહે–કમઠાડીયા, તા.ભિલોડા, જિ.સાબરકાંઠા. |
| રજુઆત | વિ. એ. પી. પી. શ્રી એન. કે. ગઢવી |
| આરોપીપક્ષ | **(૧) રજનીકાંતભાઇ નવજીભાઇ બુવળ,**<br>ઉ.વ.આ.૪૧, ધંધો–ખેતી, |

| | |
|---|---|
| | રહે–કમઠાડીયા, તા.ભિલોડા,જિ.સાબરકાંઠા.<br>**(૨) બચુબેન નવજીભાઇ બુવળ**<br>**(૩) નવજીભાઇ કરમાજી બુવળ**<br>**(ઉપરોકત ક્રમ(૨) અને ક્રમ(૩) સામેના આરોપીઓ મરણ જવાથી તેઓને એબેટ કરેલ છે.)** |
| રજુઆત | આરોપી નં.૧ સામે ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૯ હેઠળ હુકમ થયેલ છે. |

**–:: નમૂનો–બ ::–**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | તા.૧૭/૦૧/૨૦૧૨ થી<br>તા.૧૭/૦૧/૨૦૧૬ દરમ્યાન |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૭/૦૧/૨૦૧૬ |
| ચાર્જશીટની તારીખ | ૦૮/૦૬/૨૦૧૬ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યા તારીખ | આરોપી નં.૧:–૦૩/૧૨/૨૦૨૪ |
| પુરાવો શરૂ થયા તારીખ | ૨૭/૦૧/૨૦૨૬ |
| ચુકાદો મુલત્વી રાખ્યાની તારીખ | ૨૫/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૫/૦૬/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | –– |

**–:: આરોપીની વિગત ::–**

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | કયાં ગુન્હા હેઠળ ચાર્જફ્રેમ થયેલ છે. | શું દોષી/નિર્દોષ | સજા ની વિગત | ટ્રાયલ દરમ્યાન યુ.ટી.પી. રહેલ સમય ગાળો સી.આર. પી.સી. ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રજનીકાંત ભાઇ નવજીભાઇ બુવળ | ૦૩/૦૨/૨૦૧૬ | ૦૩/૦૨/૨૦૧૬ | ઇ.પી.કો. કલમ–૩૨૩, ૪૯૮(ક), ૫૦૪, | **નિર્દોષ** | –– | –– |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨ | બચુબેન નવજીભાઇ બુવળ (એબેટ) | | | ૫૦૬(૨), ૧૧૪ | | | |
| ૩ | નવજીભાઇ કરમાજી બુવળ (એબેટ) | | | | | | |

**-:: નમૂનો-ક ::-**

**એ. ફરીયાદપક્ષ તરફે સાહેદો:-**

| ક્રમ | આંક | સાહેદનું નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૧૩ | રમેશભાઇ બદાજી સડાતની જુબાની | પંચ સાહેદ |
| ૨ | ૧૫ | નવજીભાઇ ધુળાજી સડાતની જુબાની | પંચ સાહેદ |
| ૩ | ૧૬ | પ્રેમીલાબેન રજનીકાંત બુવળની જુબાની | ફરીયાદી |
| ૪ | ૧૮ | લક્ષ્મણભાઈ થાવરાજીકોટવાલની જુબાની | સાહેદ |
| ૫ | ૧૯ | નરસિંહભાઈ કડવાજી કોટવાલની જુબાની | સાહેદ |
| ૬ | ૨૦ | ભરતકુમાર વાલજીભાઈ કોટવાલની જુબાની | સાહેદ |
| ૭ | ૨૧ | બબુબેન લક્ષ્મણભાઇ કોટવાલની જુબાની | સાહેદ |
| ૮ | ૨૨ | વિજયભાઇ લક્ષ્મણભાઇ કોટવાલની જુબાની | સાહેદ |
| ૯ | ૨૩ | રાજેન્દ્રસિંહ ભવાનસિંહ પરમારની જુબાની | ત.ક.અ. |

**બી. ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો :-**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૧૪ | ગુન્હાવાળી જગ્યાનું અસલ પંચનામુ |
| ૨ | ૧૭ | અસલ ફરીયાદ |

**સી. આરોપીપક્ષ તરફે સાહેદો :-**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| -- | --નીલ-- | --નીલ-- |

**ડી. આરોપીપક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો:–**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| –– | ––નીલ–– | ––નીલ–– |

**ઈ. કોર્ટ પક્ષ તરફે સાહેદો :–**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| –– | ––નીલ–– | ––નીલ–– |

**એફ. કોર્ટ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો:–**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| –– | ––નીલ–– | ––નીલ–– |

**–: ઠરાવ :–**

**ફરીયાદપક્ષની ટુંકી વિગત :–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ મોજે કમઠાડીયા તેમજ પરવઠ ગામે ફરીયાદીના લગ્ન જીવન દરમ્યાન છેલ્લા ચારેક વર્ષથી ફરીયાદીને કહેલ કે, તુ કાળી છે તુ ખરાબ ચારિત્રની છે, મારે તને રાખવી નથી અને ચારિત્ર અંગે શક વહેમ કરી આરોપી નં.૨,૩ ની ચઢામણીથી અવાર નવાર ત્રાસ આપી તું અમારા ઘરમાંથી નિકળી તારા બાપના ઘરે જતી રહે તેમ કહી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી અવાર નવાર શારિરીક માનસિક ત્રાસ આપી, ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૨૩, ૪૯૮(ક), ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો નોંધાતા તપાસ કરનાર અધિકારી દવારા આરોપીઓ વિરૂધ્ધ પુરાવા હોય, ઈન્સાફી કાર્યવાહી થવા સારૂ ચાર્જશીટ નામદાર અદાલતમાં રજુ કરવામાં આવેલ.

<u>ન્યાયિક કાર્યવાહી :–</u>

(૨) ઉપરોકત ગુનાની ફરીયાદ સંદર્ભે હાલના કામનુ ચાર્જશીટ રજુ થતા ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૦૪ અન્વયે આરોપીઓઓ સામે સમન્સ ઈશ્યુ કરવામાં આવેલ, જેની ધોરણસર બજવણી થતાં, આરોપી નં.૧ તેમના વિ.વ.શ્રી મારફતે અદાલતમાં હાજર થયા, ત્યારબાદ ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૦૭ અન્વયે આરોપી નં.૧ને વિનામૂલ્યે પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાત્રી કર્યા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૪૦ મુજબ આંક–૦૭ થી વિગતવારનું તહોમતનામુ ફરમાવી, વાંચી, સંભળાવી ગુન્હા અંગે આંક–૦૮ થી આરોપી નં.૧નું નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપી નં.૧એ ગુનો કર્યાનો ઈન્કાર કરેલ અને તેઓ કેસ આગળ ચલાવવા માંગતા હોવાનું જણાવેલ. ત્યાર બાદ તેઓ સદરહુ આરોપી અદાલતમાં હાજર રહેતાં ન હોઇ, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯૯ હેઠળ સદરહુ આરોપીની ગેરહાજરીમાં કેસની કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ મારા પુરોગામી જજ સાહેબશ્રી દવારા કરવામાં આવેલ. તેમજ નિ.૩/૧ થી રજુ થયેલ આરોપી નં.ર બચુબેન નવજીભાઈ બુવળના મરણના દાખલા તથા નિ.૪/૧ થી આરોપી નં.૩ નવજીભાઈ કરમાજી બુવળના મરણના દાખલા અન્વયે સદરહુ બન્ને આરોપીઓ વિરૂઘ્ધ કેસની કાર્યવાહી એબેટ કરવા મારા પુરોગામી જજ સાહેબશ્રી દવારા હુકમ કરવામાં આવેલ. જેથી હાલના કેસની આગળની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરી પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) હાલના કેસમાં ફરીયાદપક્ષ તરફે તેમના કેસના સર્મથનમાં ઉપરોકત **નમૂના–ક**માં **પત્રક–એ** થી **મૌખિક પુરાવા** અને **પત્રક–બી**થી **દસ્તાવેજી પુરાવા** રજુ કરેલ છે.

(૪) આ કામે ઉપરોકત તમામ પુરાવાઓ ઘ્યાને લેતાં, આરોપી નં.૧ સામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯૯ અન્વયે થયેલ હુકમ મુજબ કેસ કાર્યવાહી તેઓની ગેરહાજરીમાં ચલાવવાની હોઇ, ક્રિમીનલ

પ્રોસીજર કોડ કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધેલ નથી.

(૫) ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એન.કે.ગઢવીની દલીલ માનપુર્વક સાંભળવામાં આવેલ છે.

(૬) હાલના કેસમાં ઉપરોકત કાયદાકીય પરિસ્થિતિ, હકિકતો તથા બંને પક્ષકારો તરફથી રજુ કરવામાં આવેલ દલીલો ધ્યાને લેતાં કેસનો ન્યાયિક નિર્ણય કરવા માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુદા ::**

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એવુ સાબિત કરે છે કે, આ કામના આરોપીઓએ મોજે કમઠાડીયા તેમજ પરવઠ ગામે ફરીયાદીના લગ્ન જીવન દરમ્યાન છેલ્લા ચારેક વર્ષથી ફરીયાદીને કહેલ કે, તુ કાળી છે તુ ખરાબ ચારિત્રની છે, મારે તને રાખવી નથી અને ચારિત્ર અંગે શક વહેમ કરી આરોપી નં.૨,૩ ની ચઢામણીથી અવાર નવાર ત્રાસ આપી તું અમારા ઘરમાંથી નિકળી તારા બાપના ઘરે જતી રહે તેમ કહી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી અવાર નવાર શારિરીક માનસિક ત્રાસ આપી, ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૪૯૮(ક), ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુન્હો કરેલ છે?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વે ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

**–::નિર્ણયો::–**

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**–::નિર્ણયના કારણો::–**

**મુદા નંબર: ૦૧ :–**

(૮) ઉપરોકત મુદાઓની સાબિતી માટે ફરીયાદપક્ષે રજુ પુરાવાની ચર્ચા અને મુલ્યાંકન નીચે મુજબ છે. આ કામના આરોપી વિરૂધ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મૂળભૂત સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને જયાં સુધી આરોપી સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનું રહે છે. વધુમાં ફરીયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે ફરીયાદપક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવાના રહે છે. આમ, આ કામે આરોપી સામે જયારે ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૨૩, ૪૯૮(ક), ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ મુજબના ગુન્હાનો આક્ષેપ છે, ત્યારે ફરીયાદપક્ષે નીચે મુજબના આવશ્યક તત્વો રેકર્ડ પર શંકાથી પર સાબિત કરવાના રહે છે.

**<u>(૮.૧) ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩ : તત્વો:–</u>**

૧. આરોપીએ શારીરિક પીડા, રોગ અથવા અશક્તિ નિપજાવ્યા,

૨. આવુ કૃત્ય આરોપીએ વ્યથા કરવાના ઈરાદે અથવા વ્યથા થવાનો સંભવ છે તેવા જ્ઞાન સાથે એટલે કે સ્વેચ્છાપુર્વક કર્યુ હોય.

**<u>(૮.૨) ભારતીય દંડ સંહિતાની કલમ ૪૯૮(ક) : તત્વો:–</u>**

૧. ભોગ બનનાર સ્ત્રી પરિણીત હતી,

૨. આવી સ્ત્રીને ક્રુરતાનો ભોગ બનાવવામાં આવી હતી,

૩. આરોપી એ એવું ઈરાદાપુર્વકનું વર્તન કરવામાં આવ્યુ હતું, કે જે કારણે સ્ત્રી આત્મહત્યા કરવા પ્રેરાય અથવા પોતાની જાતને ગંભીર ઈજા પહોંચાડે અથવા જીંદગી, શરીરના કોઈ અવયવો કે માનસીક અથવા શારીરીક જોખમોમાં મુકવા પ્રેરાય અથવા

૪. સ્ત્રી કે તેણીના સગા દબાણથી કોઈ મીલકત કે કીમતી જામીનગીરી માટેની ગેરકાનુની માંગણી પૂરી કરે તે માટે ત્રાસ આપવામાં આવે અથવા સ્ત્રી કે તેણીના સગા આવી માંગણી

સંતોષી શકયા ન હોય તે માટે આવો ત્રાસ આપવામાં આવ્યો હોય,

૫. આવી ક્રુરતા અથવા ત્રાસ પતિ કે પતિના સગા દ્વારા આપવામાં આવ્યો હોય.

**<u>(૮.૩) ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ : તત્વો:–</u>**

૧. આરોપીઓએ ઈરાદાપુર્વક કોઈનું અપમાન કર્યું હોય,

૨. તેમ કરીને આરોપીઓ તે વ્યકિતને ઉશ્કેરવા માંગતી હતી,

૩. આરોપીઓ જાણતો હતો કે તેમ થવાથી તે વ્યક્તિ જાહેર શાંતીનો ભંગ કરશે અથવા ગુન્હો કરી બેસશે.

**<u>(૮.૪) ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬(૨) : તત્વો:–</u>**

૧. આરોપીઓએ ફરિયાદીને તેના શરીર, મિલકત અથવા પ્રતિષ્ઠાને કે તે અન્ય વ્યકિતમાં હીત ધરાવતી હોય તેના શરીર અથવા પ્રતિષ્ઠાને હાની પહોંચાડવાની ધમકી આપી,

૨. આવી ધમકી ફરિયાદીને ભયભીત કરવાના ઈરાદાથી અથવા પોતે જે કરવા કાનુનબધ્ધ ન હોય તેવુ કૃત્ય કરે અથવા જે કરવાનો પોતાને કાનૂની અધિકાર હોય તેવુ કૃત્ય ન કરે, તેવા ઈરાદાથી આપવામાં આવી હતી અથવા આવી ધમકી મૃત્યુ નિપજાવવાની કે મહાવ્યથા કરવાની કે કોઈ મિલકતનો આગથી નાશ કરવાની કે આજીવન કેદ અથવા સાત વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ગુન્હો કરવા અંગેની હતી <u>અથવા</u> આવી ધમકી સ્ત્રી ઉપર ચારીત્રહીનતાનો આક્ષેપ કરવા અંગેની હતી.

**<u>(૮.૫) ભારતીય દંડ સંહિતાની કલમ–૧૧૪ : તત્વો:–</u>**

૧. મુખ્ય ગુન્હો બન્યો હોવો જોઈએ, એટલે કે જે ગુન્હાની મદદગારી કરવામાં આવી હોય તે બન્યો હોવો જોઈએ,

૨. તે મુખ્ય ગુન્હામાં મદદગારે મદદગારી કરી હોવી જોઈએ,

૩. ગુન્હો બને ત્યારે મદદગારની હાજરી ત્યાં હોવી જોઈએ,

૪. અથવા આવો મદદગાર ગેરહાજર હોય તો તેની જવાબદારી નિશ્ચિત થાય તેવી મદદગારી તેણે કરી હોવી જોઈએ અથવા

૫. ગુન્હો બનતા પહેલા તથા ગુન્હો બને ત્યારે મદદગારે મદદગારી કરી હોવી જોઇએ.

(૯) આ કામે સૌ પ્રથમ કેસનો નિર્ણય કરતા પહેલાં ફરિયાદપક્ષે પોતાના કેસનાં સમર્થનમાં તપાસેલ સાહેદોની જુબાની જોવી આવશ્યક જણાતી હોય, જેની ચર્ચા નીચે મુજબ કરેલ છે:

<u>પંચોની જુબાની :–</u>

(૯.૧) આ કામે ફરીયાદપક્ષ તરફે આંક–૧૩ થી પંચ સાહેદ રમેશભાઇ બદાજી સડાતને અને આંક–૧૫ થી પંચ સાહેદ નવજીભાઇ ધુળાજી સડાતને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં આંક–૧૪ થી રજુ ગુન્હાવાળી જગ્યાના પંચનામામાં તેઓ પોતાની સહી ઓળખી બતાવેલ છે. <u>તે સિવાય પંચનામાની કોઈપણ વિગત અંગે કંઈપણ હકીકત જણાવતા નથી.</u>

સદરહુ પંચો પોતાની જુબાનીમાં સહી સિવાય પંચનામાની કે ગુનાની વિગત અંગે કંઈપણ બાબત જણાવતા નથી, તેથી <u>આ કામે પંચો ફરી ગયેલ છે</u>. આરોપી વિરૂધ્ધ ઈન્સાફી કાર્યવાહી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯૯ મુજબ આરોપીની ગેરહાજરીમાં ચલાવવાનો હુકમ થયેલ હોઇ, કોઇ ઉલટતપાસ નથી.

<u>ફરીયાદીની જુબાની :–</u>

(૯.૨) ફરીયાદપક્ષે ફરીયાદી પ્રેમીલાબેન રજનીકાંત બુવળને આંક–૧૬ થી તપાસવામાં આવેલ છે.તેઓએ પોતાની <u>સરતપાસમાં</u> જણાવેલ કે, તેઓના લગ્ન આજથી આશરે વિસેક વર્ષ અગાઉ રજનીકાંત નવજીભાઈ બુવળ, રહે. કામઠડીયા, તા.ભિલોડાનાઓ સાથે તેઓના સમાજના રિત–રિવાજ મુજબ થયેલા. ત્યાર બાદ તેઓના લગ્ન જીવનથી તેઓને સંતાનમાં એક દિકરી પાયલ અને એક દિકરો રાજકુમાર છે. તેઓના લગ્ન પછી તેઓ કામઠડીયા મુકામે સંયુકત પરિવારમાં રહેવા ગયેલી, તે દરમ્યાન તેઓને તેમના પતિ સાથે નાની–નાની વાતોમાં એકબીજાને બોલવાનું થતું. અને તેઓનો પતિ તેમને કહેતો હતો કે, મારે બીજી બૈરી કરવી છે, તૂ અહીં થી જતી રહે. તૂ કાળી છે અને મારે તને નથી રાખવી. તેઓનો પતિ દારૂ પીને

આવતો અને તેઓની જોડે નાની નાની વાતોમાં ઝઘડો કંકાશ કરી તેઓને શારીરીક માનસિક ત્રાસ આપતો હતો. જેથી તેઓ પોતાના પિતાના ઘરે પરવઠ, તા.વિજયનગર મુકામે આવતી રહેલી અને આ વાત તેઓના પરિવારના સભ્યોને કરેલી. અને તેઓને ફરીથી સાસરે મોકલી આપેલી, પરંતુ તેઓના પતિના વર્તનમાં કોઈ સુધારો થયેલ નહીં તેઓના પરિવારના સભ્યોએ તેમના પતિને સમજાવેલ અને ફરી વખત તેઓને માર મારી તેઓના ઘરેથી કાઢી મુકતાં તેઓએ તેમના પતિ વિરુધ્ધ પોલીસ ફરીયાદ આપેલી. આ કામે આંક–૧૭ થી રજુ અસલ ફરીયાદમાં તેઓએ પોતાની સહી ઓળખી બતાવેલ છે. આ સિવાય બીજુ કંઈ બનેલ નહીં. આરોપી વિરૂધ્ધ ઈન્સાફી કાર્યવાહી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯૯ મુજબ આરોપીની ગેરહાજરીમાં ચલાવવાનો હુકમ થયેલ હોઇ, કોઇ ઉલટતપાસ નથી.

**<u>સાહેદોની જુબાની :–</u>**

(૯.૩) ફરીયાદપક્ષે સાહેદ લક્ષ્મણભાઈ થાવરાજી કોટવાલને આંક–૧૮ થી તપાસવામા આવેલ છે. તેઓએ પોતાની <u>સરતપાસમાં</u> જણાવેલ કે, તેઓને સંતાનોમાં ચાર દિકરીઓ છે, જે પૈકી પ્રેમીલા બીજા નંબરની દિકરી છે. જેના લગ્ન આજથી આશરે વિસેક વર્ષ અગાઉ રજનીકાંત નવજીભાઈ બુવળ, રહે.કામઠડીચા, તા.ભિલોડાનાઓ સાથે તેઓના સમાજના રિત–રિવાજ મુજબ લગ્ન કરાવેલા. ત્યાર બાદ તેણીને લગ્ન જીવનથી સંતાનમાં એક દિકરી પાયલ અને એક દિકરો–રાજકુમાર છે. તેઓની દિકરીને શરુઆતનુ લગ્ન જીવન સારુ ચાલેલુ અને ત્યાર બાદ આ <u>તેઓની દિકરીને તેનો પતિ રજનીકાંત સામાન્ય બાબતને લઈને બોલાચાલી કરી હેરાન પરેશાન કરતો અને માર મારતો હોઈ, તેઓની દિકરીએ તેઓને આ વાત કરતાં તેઓએ આ બાબત જાણેલી.</u> તેઓની દિકરી પ્રેમીલાએ તેના પતિ વિરુધ્ધ પોલીસ ફરીયાદ કરેલી. ત્યાર બાદ <u>પોલીસે તેઓની પુછપરછ કરેલ નથી.</u> આ સિવાય બીજુ કંઈ જાણતા નથી. આરોપી વિરૂધ્ધ ઈન્સાફી કાર્યવાહી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯૯ મુજબ આરોપીની ગેરહાજરીમાં ચલાવવાનો હુકમ થયેલ હોઇ, કોઇ ઉલટતપાસ નથી.

(૯.૪) ફરીયાદપક્ષે સાહેદ નરસિંહભાઈ કડવાજી કોટવાલને આંક–૧૯ થી તપાસવામા આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ કે, તેઓના ભાઈ લક્ષ્મણભાઈની દિકરી પ્રેમીલાબેન તેઓની ભત્રીજી થાય છે, પ્રેમીલાના લગ્ન કંયારે થયેલા તે હાલ તેઓને ચોકકસ યાદ નથી પરંતુ તેના લગ્ન કમઠાડીયા મુકામે થયેલાનું જાણે છે. તેમજ તેણીના લગ્ન કોની જોડે થયેલા તે વ્યકિતના નામની તેઓને ખબર નથી. તેઓએ એવુ જાણેલુ કે, પ્રેમીલાને તેનો પતિ દુ:ખ ત્રાસ આપતો હતો. પોલીસે તેઓની પુછપરછ કરેલ નથી. આ સિવાય બીજુ કંઈ જાણતો નથી.આરોપી વિરૂઘ્ધ ઈન્સાફી કાર્યવાહી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯૯ મુજબ આરોપીની ગેરહાજરીમાં ચલાવવાનો હુકમ થયેલ હોઈ, કોઈ ઉલટતપાસ નથી.

(૯.૫) ફરીયાદપક્ષે સાહેદ ભરતકુમાર વાલજીભાઈ કોટવાલને આંક–૨૦ થી તપાસવામા આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ કે, તેઓના ભાઈલક્ષ્મણ ભાઈની દિકરી પ્રેમીલાબેન તેઓની ભત્રીજી થાય છે, પ્રેમીલાના લગ્ન વર્ષ–૨૦૦૫ માં કમઠાડીયા મુકામે બુવળ રજનીકાંતનાઓ સાથે તેઓના સમાજના રિત–રિવાઝ મુજબ થયેલા. પ્રેમીલાનો પતિ તેને શારીરીક માનસિક ત્રાસ આપતો હોવાની વાત તેઓને તેમની ભત્રીજી જયારે પરવઠ આવતી ત્યારે કરતી હતી. આ બાબતે પોલીસે તેઓની પુછપરછ કરેલ હોય તેવુ બનેલ નથી. આ સિવાય બીજુ કંઈ જાણતો નથી. આરોપી વિરૂઘ્ધ ઈન્સાફી કાર્યવાહી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯૯ મુજબ આરોપીની ગેરહાજરીમાં ચલાવવાનો હુકમ થયેલ હોઈ, કોઈ ઉલટતપાસ નથી.

(૯.૬) ફરીયાદપક્ષે સાહેદ બબુબેન લક્ષ્મણભાઈ કોટવાલને આંક–૨૧ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ કે, તેઓની દિકરી પ્રેમીલાબેનના લગ્ન આજથી આશરે વિસેક વર્ષ અગાઉ રજનીકાંત નવજીભાઈ બુવળ, રહે.કામઠડીયા, તા.ભિલોડા નાઓ સાથે તેઓના સમાજના રિત–રિવાજ મુજબ થયેલા. આ તેઓની દિકરીનું લગ્ન જીવન ૬ વર્ષ સારુ ચાલેલું. ત્યાર બાદ આ

તેઓની દિકરીના લગ્ન જીવનથી તેણીને સંતાનમાં એક દિકરી – પાયલ અને એક દિકરો–રાજકુમાર થયેલ છે. આ તેઓનો જમાઈ નાની બાબતોમાં તેઓની દિકરીને માર મારતો અને અન્ય દુ:ખ ત્રાસ આપતો એટલે તેઓએ તેમની દિકરીને પિયર બોલાવેલી. અગાઉ સમાધાન કરાવવા માટેના પ્રયત્નો કરેલા અને પાછી મોકલેલી પણ કંઈ પરિણામ મળેલુ નહીં, જેથી તેઓની દિકરી તેઓના ઘરે આવતી રહેલી.આ બાબતે તેઓની દિકરીએ પોલીસ ફરીયાદ આપેલી ત્યાર બાદ પોલીસે તેઓની પુછપરછ કરેલી હોય તેવુ બનેલ નથી. આરોપી વિરૂધ્ધ ઈન્સાફી કાર્યવાહી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯૯ મુજબ આરોપીની ગેરહાજરીમાં ચલાવવાનો હુકમ થયેલ હોઇ, કોઇ ઉલટતપાસ નથી.

(૯.૭) ફરીયાદપક્ષે સાહેદ વિજયભાઈ લક્ષ્મણભાઈ કોટવાલને આંક–૨૨ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ કે, તેઓની બહેન પ્રેમિલાબેનના લગ્ન વર્ષ–૨૦૦૫માં રજનીકાંત નવજીભાઈ બુવળ, રહે.કામઠડીયા, તા.ભિલોડાનાઓ સાથે તેઓના સમાજના રિત–રિવાજ મુજબ થયેલા. આ તેઓની બહેનનું લગ્ન જીવન ૬ વર્ષ સારુ ચાલેલુ, ત્યાર બાદ આ તેઓની બહેનના લગ્ન જીવનથી તેણીને સંતાનમાં એક દિકરી–પાયલ અને એક દિકરો–રાજકુમાર થયેલા છે. આ રજનીકાંત નવજીભાઈ બુવળનાઓ તેઓની બહેન સાથે નાની બાબતોમાં ઝઘડો કંકાસ કરી માર મારતો અને અન્ય દુ:ખ ત્રાસ આપતો એટલે તેઓએ પ્રેમીલાબેનને પિયર બોલાવેલી. અગાઉ સમાધાન કરાવવા માટેના પ્રયત્નો કરેલા અને પાછી મોકલેલી પણ કંઈ પરિણામ મળેલુ નહીં, જેથી તેઓની બહેન તેઓના ઘરે આવતી રહેલી અને ત્યાર બાદ આ બાબતે તેઓની બહેને પોલીસ ફરીયાદ આપેલી ત્યારબાદ પોલીસે તેઓની પુછપરછ કરેલી હોય તેવુ બનેલ નથી. આરોપી વિરૂધ્ધ ઈન્સાફી કાર્યવાહી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯૯ મુજબ આરોપીની ગેરહાજરીમાં ચલાવવાનો હુકમ થયેલ હોઇ, કોઇ ઉલટતપાસ નથી.

**તપાસ કરનાર તથા ચાર્જશીટ કરનાર અમલદારની જુબાની :–**

(૯.૮) ફરીયાદપક્ષે ચાર્ઝશીટ કરનાર તથા તપાસ કરનાર અમલદાર રાજેન્દ્રસિંહ ભવાનસિંહ પરમારને આંક–૨૩ થી તપાસવામા આવેલ છે. તેઓએ પોતાની <u>સરતપાસમાં</u> જણાવેલ કે, વર્ષ–૨૦૧૬માં તેઓ ચિઠોડા પોલીસ સ્ટેશને એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતાં હતા તે દરમ્યાન ચિઠોડા પોલીસ સ્ટેશન ફ.ગુ.રજી.નં.૦૦૫/૨૦૧૬, ઈ.પી.કો.કલમ:૩૨૩,૪૯૮(ક),૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબના ગુન્હાની તપાસ તેઓની તરફ આવતાં તેઓએ સંભાળેલી. ત્યાર બાદ તેઓએ સદરહુ ગુન્હાના કામે કેસ પેપર્સનો અભ્યાસ કરેલ અને આ કામે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ પંચોના લખાવ્યા મુજબનું તેઓએ લખી લીધેલુ, આ કામે આંક–૧૪ થી રજુ પંચનામામાં પંચોની તથા રૂબરૂપણામાં તેઓની સહી ઓળખી બતાવેલ છે. ત્યાર બાદ આ ગુન્હાના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેઓના લખાવ્યા મુજબના લખી લીધેલા અને તપાસના કામે સામેલ રાખેલ. આ કામના આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતાં તેઓએ અટક કરેલ, જે આરોપીઓ કોર્ટમાં હાજર નથી. આ ગુન્હાના કામે તેઓની તપાસની અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપી વિરૂધ્ધ ઈન્સાફી કાર્યવાહી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯૯ મુજબ આરોપીની ગેરહાજરીમાં ચલાવવાનો હુકમ થયેલ હોઇ, કોઇ ઉલટતપાસ નથી.

(૧૦) આ કેસના ન્યાયિક નિર્ણય માટે જે મુદ્દાઓ ઘડવામાં આવ્યા છે તે તથા ઉપરોકત રજુ પુરાવાઓ જે હકીકતો સાથે સંકળાયેલા છે, તે હકીકતો સાબિત થઈ છે કે કેમ, તે અંગે પુરાવાનું વિશ્લેષણ અને મૂલ્યાંકન શરૂ કરતા પહેલા ભારતીય પુરાવા અધિનિયમના સિદ્ધાંતો અને કાયદાકીય જોગવાઈઓ નોંધવી આવશ્યક છે, જે નીચે મુજબ છે.

- **કઈ બાબતનો પુરાવો આપી શકાય**

  કઈ બાબતનો પુરાવો આપી શકાય તે માટે સૌપ્રથમ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૫ જોવી જરૂરી છે, જે નીચે મુજબ છે.

Evidence may be given of facts in Issue and relevant facts. Evidence may be given in any suit or proceeding of the existence or non-existence of every fact in issue and of such other facts as are hereinafter declared to be relevant, and of no others.

આ જોગવાઈ પ્રમાણે પુરાવો Fact In Issue માટેનો અથવા તો Relevant હકીકતો માટેનો જ આપી શકાય બીજી કોઈ બાબતનો પુરાવો આપી શકાય નહીં.

ભારતીય પુરાવા અધિનિયમ પ્રમાણે એક હકીકત, બીજી હકીકત સાથે Relevant ત્યારે કહી શકાય, જ્યારે **ભારતીય પુરાવા અધિનિયમની કલમ–પ થી પપ મુજબ** તેને સુસંગત ગણવામાં આવી હોય.

- **જજમેન્ટનો આધાર :**

વળી, કોઈપણ વિવાદનું જજમેન્ટ શાના આધારે આપવું જોઈએ, તે બાબતે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૬૫ ના પ્રોવાઈઝોની જોગવાઈ ધ્યાન પર લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે.

"Provided that the judgment must be based upon facts declared by this Act to be relevant, and duly proved:"

આ જોગવાઈ પ્રમાણે જજમેન્ટ માત્ર Proved relevant facts પર જ આધારિત હોવું જોઈએ. તેથી હવે પછી હકીકતોનું મૂલ્યાંકન Fact In Issue અને Relevant Fact જે પુરવાર કરવામાં આવી છે તે માટે જ કરવામાં આવ્યું છે.

**<u>ઉપરોકત રજુ પુરાવાનું સંયુકત મુલ્યાંકન :–</u>**

**(૧૧)** ઉપરોકત પુરાવાનું બારીકાઈથી મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે ફરીયાદપક્ષે ફરીયાદી પ્રેમીલાબેન રજનીકાંત બુવળને આંક–૧૬થી

તપાસવામા આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં ફરીયાદને સમર્થન કારક હકીકત જણાવેલ છે. પરંતુ જો તેઓની જુબાનીમાં તેઓને આરોપી દવારા માર મારેલાની કે કોઇ સારવાર લીધેલાની હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. તેમજ આ કામે આંક–૧૩ થી પંચ સાહેદ રમેશભાઈ બદાજી સડાત તથા આંક–૧૫ થી પંચ સાહેદ નવજીભાઈ ધુળાજી સડાતને તપાસવામા આવેલ. પરંતુ તેઓએ આંક–૧૪ વાળા પંચનામામા માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે તે સીવાય પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. જેથી સદર અટક પંચનામુ સાબીત થતુ નથી. બાદમાં આ કામે સાહેદ લક્ષ્મણભાઈ થાવરાજી કોટવાલને આંક –૧૮, સાહેદ નરસિંહભાઇ કડવાજી કોટવાલને આંક–૧૯, સાહેદ ભરતકુમાર વાલજીભાઈ કોટવાલને આંક–૨૦, સાહેદ બબુબેન લક્ષ્મણભાઇ કોટવાલને આંક–૨૧ અને સાહેદ વિજયભાઈ લક્ષ્મણભાઇ કોટવાલને આંક–૨૨ થી તપાસવામાં આવેલ છે. તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, પ્રેમીલાબેનને તેનો પતિ રજનીકાંત સામાન્ય બાબતને લઈને બોલાચાલી કરી હેરાન પરેશાન કરતો અને માર મારતો હોઈ, પ્રેમીલાબેને તેઓને આ વાત કરતાં તેઓએ આ બાબત જાણેલી. તેઓની દિકરી પ્રેમીલાએ તેના પતિ વિરુધ્ધ પોલીસ ફરીયાદ કરેલી. ત્યાર બાદ પોલીસે તેઓની પુછપરછ કરેલ નથી. આ સિવાય બીજુ કંઈ જાણતા નથી. આમ, સાહેદોની જુબાની ઉપરથી એ હકીકત રેકર્ડ ઉપર આવેલ છે કે,પ્રેમીલાબેનને આરોપીએ ગાળો બોલી, જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી, અવાર–નવાર શારિરીક માનસિક ત્રાસ આપેલ હોય તે સાહેદોએ નજરે જોયેલ નથી અને તેઓને આ બાબતની જાણ પ્રેમીલાબેને કરેલ છે.

(૧૨) વધુમાં ફરીયાદીની જુબાની સંપૂર્ણપણે સાચી પણ માની લેવામાં આવે તો પણ આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૪૯૮(ક) મુજબનાં આવશ્યક તત્વો સાબિત થતા નથી. જે સંદર્ભે નામદાર ગુજરાત વડી અદાલત "ઈન્દ્રસિંગ એમ. રાઓલ વિ. સ્ટેટ

ઓફ ગુજરાત'' ૧૯૯૯(૩) જી.એલ.આર. પાના નં.૨૩૫૬ નાં ચુકાદામાં ઠરાવેલ છે કે,

"Solitary incident of cruelty whether can be basis for conviction under Sec. 498(A) of I.P.C. Held in the negative. Prosecution has to establish that cruelty and harassment was incessant, persistent and unbearable. Held further, it must be established that cruelty and harassment was with the intention to force the woman to commit suicide or to fulfill unlawful demand for property etc."

આમ, ઉપરોકત કરેલ ચર્ચા તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા મુજબની હકીકતો રેકર્ડ ઉપર આવેલ ન હોય, તેમજ હાલનાં કામે તપાસવામાં આવેલ અન્ય સાહેદોએ બનાવ નજરે જોયેલ ન હોય તેવી જુબાની આપેલ હોય તથા ફરીયાદીએ સારવાર લીધેલ હોય તેવા કોઈ સારવાર પ્રમાણપત્રો પણ હાલનાં કામે રજુ રાખેલ ન હોય, તેમજ આ કામે ત.ક.અમલદારશ્રીએ કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ ન હોય આરોપીએ સ્ત્રી તરફે ક્રુરતા આચરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં બિનપક્ષપાતી પુરાવો મેળવી ન શકાય તેવા સંજોગો હાલનાં કેસમાં જણાય આવતા નથી. એ હકીકત પણ માનવાપાત્ર છે કે, ઘરમાં બનતા બનાવોનું સંપૂર્ણ વિવરણ આસપાસનાં રહીશો કરી શકે નહી. પરંતુ જો પતિ–પત્ની વચ્ચે તકરારો થતી હોય તો તેવા સંજોગોમાં આસપાસનાં રઈશો અવાર નવાર થતા ઝઘડા બાબતે સમર્થનકારક પુરાવો આપી શકે તેમ છે, તેમ છતાં આ કામે આવા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ હોય તેવું જણાય આવતુ નથી.

વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ઈન્દુસિંહ એમ. રાઓલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૧૯૯૯(૩) જી.એલ.આર. ૨૩૫૬ નાં ચુકાદામાં ઠરાવેલ છે કે, ફરીયાદ પક્ષે સ્થાપિત કરવાનું છે કે, ક્રુરતા અને ત્રાસ અવાર નવાર અને સહન ન થઈ શકે તેવો હતો કે જેથી સ્ત્રીને આપઘાત કરવાની ફરજ પડે અથવા મિલકત વિગેરેની

માંગણી પરીપુર્ણ કરે. ભારતીય દંડ સંહિતાની કલમ–૪૯૮(ક)લક્ષે લેવામાં આવે, તો સ્ત્રીને કુરતાનો ભોગ બનાવવામાં આવેલ હોય અને આવી ક્રુરતા અથવા ત્રાસ પતિ કે પતિનાં સગા દ્વારા આપવામાં આવેલ હોય અને આવા ઈરાદાપૂર્વકનાં પ્રયત્નો કરવામાં આવેલ હોય કે જે કારણે સ્ત્રી આત્મહત્યા કરવા પ્રેરાય અથવા પોતાની જાતને ગંભીર ઈજા પહોંચાડે અથવા જીંદગી, શરીરનાં કોઈ અવયવ કે માનસિક અથવા શારીરિક આરોગ્ય જોખમમાં મૂકવા પ્રેરાય અથવા સ્ત્રી કે તેણીનાં સગા દબાણથી કોઈ મિલ્કત કે કિંમતી જામીનગીરી માટે ગેરકાનૂની માંગણી પૂરી કરે, તે માટે ત્રાસ આપવામાં આવે અથવા સ્ત્રી કે તેણીનાં સગા એવી માંગણી સંતોષવી શકય ન હોય, તે માટે એવો ત્રાસ આપવામાં આવતો હોય. હવે આ કામનાં ગુના માટે અનુમાન કરવાની જોગવાઈ નથી. કુરતા આચરવામાં આવેલ હોવાનો આક્ષેપ હોય, ત્યારે સદરહુ આક્ષેપ નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની છે. પતિ–પત્ની વચ્ચે લગ્ન જીવનમાં સામાન્ય થતી તકરારને કુરતાનાં અર્થમાં લઈ શકાય નહીં. પરંતુ સદરહુ કુરતાને કારણે સ્ત્રીને આત્મહત્યા કરવા પ્રેરેલ હોવી જોઈએ અથવા પોતાની જાતને ગંભીર ઈજા પહોંચાડેલ હોવી જોઈએ અથવા પોતાની જિંદગી શરીરનાં કોઈ અવયવને ભયમાં મૂકવા પ્રેરતી હોય અથવા કોઈ એવો ત્રાસ આપવામાં આવેલ હોય કે જેથી દબાણમાં આવી મિલ્કત કે કિંમતી જામીનગીરીની ગેરકાયદેસર માંગણી પૂરી કરી હોય અથવા એવી માંગણી પૂરી કરી શકાઈ ન હોય.

આમ, હાલના કામે ફરીયાદ પક્ષે ઉપરોકત ચર્ચા કરી તે મુજબ ઈ.પી. કોડની કલમ–૪૯ ૮(ક) મુજબનો ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે તેવુ અત્રેની અદાલતનું માનવુ છે.

(૧૩) વધુમાં હાલનાં કામે આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૫૦૪ મુજબનો આક્ષેપ હોય, જે સંદર્ભે કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતાં, હાલના કામે તપાસેલ ફરીયાદીની જુબાની ધ્યાને લેતા ફરીયાદીએ પોતાની જુબાનીમાં આરોપીઓ દવારા તેઓને ગાળો બોલવામાં આવેલ હોય તેવી કોઈ હકીકત

જણાવેલી નથી. આમ, આરોપીઓએ ફરીયાદીને ખરેખર શું ગાળો બોલેલ કે કેવા શબ્દોનો ઉપયોગ કરેલ કે જેનાથી જાહેર સુલેહ શાંતીનો ભંગ થાય તેવી કોઈ જ હકીકત સ્પષ્ટપણે રેકર્ડ ઉપર આવેલ નથી. આ સંદર્ભે નામદાર ગુજરાત હાઈકોર્ટના પ્રવિણભાઈ બેચરભાઈ વણકર, વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૦૭(૨), જી.એલ.એચ. પાના નં. ૩૩૭ નાં ચુકાદામાં પ્રતિપાદીત કરેલ સિધ્ધાંત ધ્યાને લેવો જરૂરી જણાતો હોય તેને સરળતા ખાતર નીચે મુજબ રજુ રાખેલ છે.

"...In order to convict an accused under section-504 of Indian Penal Code, the actual word used by the accused must be brought on record by the prosecution from the mouth of the witness. The insult envisaged by section-504 must not only be intentional but also thereby must give provocation to person insulted to breach public place or to commit any other offence."

આમ, ઉપરોકત ચુકાદામાં પ્રતિપાદીત કરેલ સિધ્ધાંત તેમજ ઉપર કરેલી ચર્ચાઓ ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપી સામે ભારતીય દંડ સહિતાની કલમ–૫૦૪ મુજબનો ગુનો નિ:શંક પણે સાબિત કરી શકેલ નથી.

(૧૪) આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬(૨) મુજબનાં ગુનાનો આરોપ હોય, કાયદાની જોગવાઈ ધ્યાને લીધા બાદ આ તબકકે નામદાર ગુજરાત વડી અદાલતના પ્રવિણભાઈ બેચરભાઈ વણકર વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૦૭(૨) જી.એલ.એચ. પાના નં. ૩૩૭ નાં ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંતો ધ્યાને લેવા જરૂરી જણાતા હોય ન્યાયિક સરળતા ખાતર નીચે મુજબ રજુ કરેલ છે.

"In order to convict an accused under section-506(2) of Indian Penal Code, the threat as contemplated in section- 506 must cause alarm in the mind of person so threatened"

આમ, નામદાર ગુજરાત વડી અદાલતે એમ ઠરાવેલ છે કે, આરોપીને ભારતીય દંડ સહિતાની કલમ-૫૦૬(૨) હેઠળ તકસીરવાન ઠરાવવા માટે જે વ્યકિતને ધમકી આપવામાં આવી હોય તે વ્યકિતને ભય ઉત્પન્ન થયેલ હોવો જોઈએ અને તે ભય એવા પ્રકારનો હોવો જોઈએ કે, જેનાથી વ્યકિત પોતાનું રોજીંદુ કાર્ય કરવા અસમર્થ થાય. હાલમાં કામે ફરીયાદી તથા સાહેદોને જુબાની ધ્યાને લેવામાં આવે તો આરોપીઓ દ્વારા આપવામાં આવેલ ધમકીના કારણે તેઓ પોતાનું રોજીંદુ કાર્ય કરવામાં અસમર્થ થયેલ હોય તેવી કોઈ વિગત રેકર્ડ જોતા જણાઈ આવતી નથી. જેથી ઉપરોકત ચર્ચા કરી તે મુજબ ફરીયાદ પક્ષ આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સહિતાની કલમ-૫૦૬(૨) મુજબનો ગુનો પુરવાર કરી શકેલ નથી.

(૧૫) વધુમાં રેકર્ડ ઉપરનો પુરાવો જોતાં આ કામના આરોપીઓએ કહેવાતો ગુનો કરેલ છે, તેવી શંકા ઉદભવે છે, પરંતુ કાયદાનો એ સ્થાપિત સિધ્ધાંત છે કે, શંકા ગમે તેટલી મજબુત હોય, તો પણ કાનૂની પુરાવાનું સ્થાન લઈ શકે નહીં. વધુમાં ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાય શાસ્ત્રનાં સિધ્ધાંત મુજબ પ્રોસીકયુશને પોતાનો કેસ આરોપીઓ વિરુધ્ધ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને પ્રોસીકયુશન કેસમાં રહેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીઓની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં રેકર્ડ ઉપરનાં પુરાવાઓ ઉપરથી એક બાજુ એમ જણાય આવતુ હોય કે, આરોપીઓએ કહેવાતો ગુનો કરેલ છે તથા બીજી બાજુ એમ જણાય આવતુ હોય કે, આરોપીઓએ ગુનો કરેલ નથી, ત્યારે તેવા સંજોગોમાં પ્રોસીકયુશનને પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ છે, તેમ કહીં શકાય નહીં. જેથી ફરિયાદ પક્ષમાં રહેલ, તે શંકાનો લાભ આરોપીઓની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં એ. આઈ. આર. ૨૦૧૨ નામદાર સર્વોચ્ચ અદાલતે ' કૈલાશ ગોર વિરુધ્ધ સ્ટેટ ઓફ આસામ એસ. સી. ૭૮૬ નાં ચુકાદાના પેરા -૨૫ માં એમ ઠરાવેલ છે કે,

"It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till

he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused 'may have committed the offence' and 'must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which cannot be wished away. See Narendra Singh and Anr. v. State of M.P. (2004) 10 SCC 699 (AIR 2004 SC 3249) and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Maharashtra and Ors. (2005) 5 SCC 294: (AIR 2005 SC 2277). To the same effect is the decision of this Court in Ganesan v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83: (AIR 2011 SC (Cri) 419) where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India."

(૧૬) વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે દિગંમ્બર વૈષ્ણવ વિરુધ્ધ સ્ટેટ ઓફ છતીસગઢ (૨૦૧૯) ૪ એસ. સી. સી. ૫૨૨ માં પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પેરા –૧૪ તથા ૧૯ માં ઠરાવેલ છે કે,

One of the fundamental principles of criminal jurisprudence is undeniably that the burden of proof squarely rests on the prosecution and that the general burden never shifts. There can be no conviction on the basis of surmises and conjectures or suspicion howsoever grave it may be. Strong suspicion, strong coincidences and grave doubt cannot take the place of legal proof. The onus of the prosecution cannot be discharged

by referring to very strong suspicion and existence of highly suspicious factors to inculpate the accused nor falsity of defence could take the place of proof which the prosecution has to establish in order to succeed, though a false plea by the defence at best, be considered as an additional circumstance, if other circumstances unfailingly point to the guilt.

(19.) It is also well–settled principle that in criminal cases, if two views are possible on evidence adduced in the case, one binding to the guilt of the accused and the other is to his innocence, the view which is favourable to the accused, should be adopted. This principle has a special relevance in cases wherein the guilt of the accused is sought to be established by circumstantial evidence [See Kali Ram v. State of Himachal Pradesh, (1973) 2 SCC 808].

**(૧૭)** આમ, ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતા ફરીયાદ, ફરીયાદીની જુબાની તથા હાજર સાહેદની જુબાની અને અન્ય સાહેદોની જુબાની જોતાં તથા રેકર્ડ પરનો પુરાવો જોતાં આ કામના આરોપી નં.૨ અને આરોપી નં.૩ મરણ ગયેલ છે અને આરોપી નં.૧ સામે તહોમતનામા મુજબનો પુરાવો ફરીયાદપક્ષ હ્વારા રજુ કરવામાં આવેલ ન હોય**, મુદા નં.૦૧ નો** જવાબ "**નકાર**"માં આપી **મુદા નં.૦૨** અન્વયે નીચે મુજબનો **"આખરી હુકમ"** કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

**(૧)** આ કામના આરોપી નં.(૨) બચુબેન નવજીભાઇ બુવળ અને આરોપી નં.(૩) નવજીભાઇ કરમાજી બુવળ મરણ ગયેલ છે અને આરોપી નં.**(૧) રજનીકાંતભાઇ નવજીભાઇ બુવળ,**

ઉ.વ.આ.૪૧, રહે–કમઠાડીયા, તા.ભિલોડા, જિ.સાબરકાંઠા નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૪૮ (૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૪૯૮ (ક), ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાના તહોમતમાંથી પુરાવાના અભાવે નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામના આરોપી નં.૧ના અગાઉ થયેલ જામીનને જામીન તરીકે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ :૨૫મી, માહે : જુન, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તા.૨૫/૦૬/૨૦૨૬
મુ. વિજયનગર

**(ભાવેશ ચંદુલાલ વાજા)**
જયુડી.મેજી. ફ.ક., વિજયનગર
(જજ કોડ નં.જીજે૦૧૭૪૧)

//A.A.P.//